No. of printed page : 02

Seat No. : ..................

[४]

# SARDAR PATEL UNIVERSITY

B.A. ( Sem. - 6) On Demand Examination

Friday, 28 July 2023 ( 10.00 AM to 01.00 PM )

UA06CGLT20 : અપઠિત (Unseen)

કુલ ગુણ : 70

પ્રશ્ન ૧. નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. (20)

- પ્રશ્ન – ઉમાશંકર જોશી

'છે મારું કો અખિલ જગમાં?' બૂમ મેં એક પાડી :
ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી,
દોડ્યો વ્હેળો વહનગીતમાં પ્રશ્ન મારો ડુબાવી,
ને આ બુઢ્ઢો વડ પણ નકારે જ માથું હલાવી,
સુણ્યા સાથે ગિરિય પડઘા પાડીને ફેંકી દેતો
બીજા પ્હાડો તણી કુહરમાં વેણ, હૈયે ન લેતો,
તારા લાગે બધિર, વીજળી પૂછવા દે જ ક્યાં?
ત્યાં પૃથ્વીનાં સ્વજન તણું તો નામ લેવું પછી કાં?
છેલ્લે પૂછ્યું રુધિરઝર આ પાણીપોચા હૈયાને:
'વ્હાલા, તું તો મુજ રહીશ ને? છો જગે કો ન મારું.'
ને એ દંભી શરમ તજી કહે: 'તું ન માલેક મારો,
હું તારામાં વસું અવર કાજે.' – ખિજાયો, વિચાર્યું:
બીજાં કાજે વસતું મુજમાં?! તો મદર્થે બીજામાં
હૈયા વાસો નહિં શું વસતાં કૈ હશે સ્નેહભીનાં?

અથવા

- ગઝલ - આદિલ મન્સૂરી

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે;
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે !
પહેલાં પવનમાં ક્યારે હતી આટલી મહેક,
રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.
ઘુંઘટ ખૂલ્યો હશે અને ઉઘડી હશે સવાર.
ઝુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.
ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,
તારા જ રૂપરંગ વિશે વાત થઈ હશે.

P.T.O

'આદિલ'ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,
દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.

**પ્રશ્ન-૨. નીચેનામાંથી કોઈપણ એક પરિચ્છેદનું વિવરણ કરો. (20)**

"કવિતાને, સાહિત્યને જીવનની સમીક્ષા કહેવામાં આવે છે. સાહિત્ય જીવનની વિશદ સમજ આપે છે. વિવેચન સાહિત્યની વિશે સમજ આપે છે. વિવેચન આપણને સાહિત્યકૃતિના મર્મ સુધી પહોંચાડી તેનો રસાસ્વાદ કરાવે છે. વિવેચન કૃતિની નિરીક્ષા જ નથી કરતું, તેના ગુણદોષની છણાવટ પણ કરે છે તથા કૃતિના સંદર્ભમાં સિદ્ધાંતો ઉપસાવી સાહિત્ય-પદાર્થના લક્ષણો બાંધે છે. સાહિત્ય માણવાની વસ્તુ છે, સાથે સમજવાની વસ્તુ પણ છે. જેમ જીવનને સમજવું સહેલું નથી તેમ સાહિત્યને સમજવું પણ સહેલું નથી. મોટા મોટા વિદ્વાનો પણ સાહિત્યનો મર્મ સમજવામાં કેટલીક વાર ગોથું ખાઈ જતા હોય છે. વિવેચન સાહિત્યના અંતઃતત્ત્વ સુધી પહોંચવામાં આપણને ઉપકારક નીવડે છે. વિવેચન માત્ર ભાવકને જ નહીં, સર્જકને પણ ઉપયોગી છે. ખાસ કરીને નવોદિત સર્જકોને વિવેચન દિશા ચીંધે છે અને પ્રેરણા, પ્રોત્સાહન આપે છે. સર્જક-આબોહવા સર્જવામાં વિવેચનનો ફાળો મહત્ત્વનો છે."

અથવા

"તમે તમારી શક્તિ ને આવડત પ્રમાણે તમારા અભ્યાસક્ષેત્રમાં બને તેટલી સારી તાલીમ લઈને, એમાં નિષ્ણાત નીવડીને, પ્રામાણિકતાપૂર્વક અને પ્રવીણતાપૂર્વક કામગીરી બજાવીને સમાજમાં કલ્યાણ, દેશમાં પ્રગતિ ને વિશ્વમાં શાંતિ લાવવા સતત પ્રયત્ન કરતા અને કરાવતા રહેશો તો તમારા એક ક્ષેત્રમાં, નાના કે મોટા પાયા ઉપર, તમે તમારું સાચું પરાક્રમ નોંધાવ્યું હશે, અને પૂરા સંતોષ સાથે તમે એનું સ્મરણ કરી શકશો. એની પ્રેરણા ત્યારની નવી પેઢીને આપી શકશો. યુવાન માણસમાં અનેક ખામીઓ હશે, અનેક ઊણપો હશે, પણ તેના દિલમાં એક મહામૂલો ગુણ અચૂક હોય છે: શ્રદ્ધા, વિશ્વાસ અને ઉત્સાહ. જે યુવાન માણસ ઉદાસ, હતાશ અને નિરુત્સાહ રહેતો હોય તે યુવાન નથી, કાચી ઉંમરે ઘરડો જીવ છે. યુવાનો માટે દેશમાં પણ મુશ્કેલીઓ હશે અને પ્રશ્નો હશે, અને કોયડાઓ હશે પણ એ બધાની વચ્ચે એક દૃઢ ને નિશ્ચલ લક્ષણ તો અવશ્યક છે: આત્મશ્રદ્ધા."

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈ પણ ત્રણ છંદના બંધારણ સદૃષ્ટાંત સમજાવો. (15)**

(૧) વસંતતિલકા (૨) ચોપાઈ (૩) સ્રગ્ધરા
(૪) ઉપેન્દ્રવજ્રા (૫) રોળા (૬) સવૈયા

**પ્રશ્ન-૪.નીચેનામાંથી કોઈપણ ત્રણ અલંકાર ઉદાહરણ સાથે સમજાવો. (15)**

(૧) વ્યાજસ્તુતિ (૨) અતિશયોક્તિ (૩) વ્યતિરેક
(૪) સજીવારોપણ (૫) અર્થાન્તરન્યાસ (૬) શ્લેષ

—X—